RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૪૪૦ તા.૨૯–૧૧ –૧૧
અપીલ અરજી નં.૪૪૮ તા.૦૨–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તા)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(આરોગ્ય)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૭–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેરની અંદર, મહાનગરપાલિકાનું અસ્તિત્વ છે ત્યારે સુરત શહેરના નાગરીકો તેમજ ધંધાકીય સંસ્થાઓ ધ્વારા જેવી કે, દુકાન,ફેકટરીઓ વિગેરેની નોંધણી કરવાનું અને બી.પી.એમ.સી.એકટ પ્રમાણે એસએમસીના લાગતા વળગતા અધિકારીઓને સત્તાઓ આપેલ છે તે મુજબ સંસ્થાઓ તેમજ વ્યકિતગત ધંધો કરનારાઓને ત્યાં સ્થળ નિરીક્ષણ કરી, જરૂરી કાર્યવાહી કરવાની સત્તાઓ મળેલ છે, તો આપ સાહેબશ્રીઓને આ બાબતે અમો પુછવા માંગીએ છીએ કે સુરત મહાનગરપાલિકાની હદની અંદર, એક જ પ્રિમાઈસીસમાં ખાદ્ય પદાર્થો પ્રોવિઝન સ્ટોર્સ સામગ્રી,સેનેટરી વસ્તુઓ તેમજ એસિડ,ફીનાઈલ,વાર્નિશ જેવા ઝેરી રસાયણો વિગેરે સાથે વેચાતા હોય તો, તેઓએ કયા કયા લાયસન્સ લેવા જોઈએ ? વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–(૧)અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૪૦/૨૦૧૧–૧૨
(૨) અરજદાર મજકુરની અપીલ તા. ૨–૧૨–૧૧ની **SMC/FAP/** નં.૪૪૮/૨૦૧૧–૧૨

શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૭–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેરની અંદર, મહાનગરપાલિકાનું અસ્તિત્વ છે ત્યારે સુરત શહેરના નાગરીકો તેમજ ધંધાકીય સંસ્થાઓ ધ્વારા જેવી કે, દુકાન,ફેકટરીઓ વિગેરેની નોંધણી કરવાનું અને બી.પી.એમ.સી.એકટ પ્રમાણે એસએમસીના લાગતા વળગતા અધિકારીઓને સત્તાઓ આપેલ છે તે મુજબ સંસ્થાઓ તેમજ વ્યકિતગત ધંધો કરનારાઓને ત્યાં સ્થળ નિરીક્ષણ કરી, જરૂરી કાર્યવાહી કરવાની સત્તાઓ મળેલ છે, તો આપ સાહેબશ્રીઓને આ બાબતે અમો પુછવા માંગીએ છીએ કે સુરત મહાનગરપાલિકાની હદની અંદર, એક જ પ્રિમાઈસીસમાં ખાદ્ય પદાર્થો, પ્રોવિઝન સ્ટોર્સ સામગ્રી,સેનેટરી વસ્તુઓ તેમજ એસિડ,ફીનાઈલ ,વાર્નિશ જેવા ઝેરી રસાયણો વિગેરે સાથે વેચાતા હોય તો,તેઓએ કયા કયા લાયસન્સ લેવા જોઈએ ? વિ. મુદ્દા નં. (૧)થી (૨)ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(ફા) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. એસ.એન્ડ.ઈ./ જાવક / ૨૦૨ તા. ૨૪–૧૧–૧૧અને ચીફ ફુડ ઈન્સ્પેકટરના પત્ર નં. જાવક નં./પીએચડી/ફુડ/૯૫૮ તા. ૨૯–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી હકીકત તથા જોગવાઈની નકલ સહ સ્પષ્ટ કરવા તથા સાથે ગુમાસ્તા નોંધણી અંગે સ્થળ નિરીક્ષણ ની તથા ફુડ કાયદા અન્વયે એક જ પ્રિમાઈસીસમાં અલગ વસ્તુ વેચવા અંગેની કાનુની જોગવાઈ પણ નકલ સહ સ્પષ્ટતા કરવા જણાવતો પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૮ તા.૮–૧૨–૧૧ થી** ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તા), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(આરોગ્ય) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતીની તથા ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા તરફથી પત્ર નં.એસ.એન્ડ.ઈ./જાવક નં.૨૧૬ તા.૧૫–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં મ્યુ. કમિ.શ્રીની સી.એન./૩૪૪ તા.૧–૨–૦૩ ની નોંધની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં

એસ.એન્ડઈ./જાવક/૨૦૨ તા.૨૪–૧૧–૧૧ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૧૫૨૭ તા.૧૮–૧૧–૧૧ થી ચીફ ગુમાસ્તા ઈન્સ્પેકટર અને આરોગ્ય અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/આ.નં.૧૦૭૭ તા.૨૮–૧૨–૧૧ થી પૂરક વિગતનો પત્ર મળેલ છે. જયારે અરજદાર તરફથી મળેલ પૂરક વિગતમાં ફી ભર્યાની રસીદ જે તા.૧૭–૧૧–૧૧ ની અરજીની રજૂ કરવાની જગ્યાએ તા.૭–૧૦–૧૧ ની નેહા સીંગાપુરી નામના અરજદારની રજૂ કરેલ છે. મુળ અરજીની ફી ભર્યાની વિગત રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૭–૧૧–૧૧ ની અરજીથી સુરત મહાનગરપાલિકાની હદમાં એક જ પ્રિમાઈસીસમાં વેચાતા જુદા જુદા પદાર્થોના કયા કયા લાયસન્સો લેવા પડે અને ગુમાસ્તા લાયસન્સ મેળવ્યા હોય તેવા મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૫૨૭ તા.૧૮–૧૧–૧૧ થી ચીફ ગુમાસ્તા ઈન્સ્પેકટર અને આરોગ્ય અધિકારીને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા તરફથી પત્ર નં.એસ.એન્ડ.ઈ./જાવક/ ૨૦૨ તા.૨૪–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં તથા જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/ ૯૫૮ તા.૨૯–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) સુરત શહેરની અંદર, મહાનગરપાલિકાનું અસ્તિત્વ છે ત્યારે સુરત શહેરના નાગરીકો તેમજ ધંધાકીય સંસ્થાઓ ધ્વારા જેવી કે, દુકાન,ફેકટરીઓ વિગેરેની નોંધણી કરવાનું અને બી.પી.એમ.સી.એકટ પ્રમાણે એસએમસીના લાગતા વળગતા અધિકારીઓને સત્તાઓ આપેલ છે તે મુજબ સંસ્થાઓ તેમજ વ્યકિતગત ધંધો કરનારાઓને ત્યાં સ્થળ નિરીક્ષણ કરી, જરૂરી કાર્યવાહી કરવાની સત્તાઓ મળેલ છે, તો આપ સાહેબશ્રીઓને આ બાબતે અમો પુછવા માંગીએ છીએ કે સુરત મહાનગરપાલિકાની હદની અંદર, એક જ પ્રિમાઈસીસમાં ખાદ્ય પદાર્થો, પ્રોવિઝન સ્ટોર્સ સામગ્રી,સેનેટરી વસ્તુઓ તેમજ એસિડ,ફીનાઈલ,વાર્નિશ જેવા ઝેરી રસાયણો વિગેરે સાથે વેચાતા હોય તો,તેઓએ કયા કયા લાયસન્સ લેવા જોઈએ ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જે તે સંસ્થાના માલિકોએ પોતાની સંસ્થા શરૂ થયાના દિન–૩૦ માં સંસ્થાની નોંધણી મુંબઈ દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯ ૪૮ હેઠળ કરાવવાની હોય છે. તથા જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી ખાદ્ય પદાર્થોનું વેચાણ કરવા માટે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળ લાયસન્સ લેવું જરૂરી છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) આ મુજબનો એક જ દુકાન/પ્રિમાઈસીસમાં ખાદ્ય પદાર્થો, પ્રોવિઝન સ્ટોર્સ સામગ્રી, સેનેટરી વસ્તુઓ તથા એસિડ , ફીનાઈલ, વાર્નિશ જેવા ઝેરી રસાયણોનો ધંધો કરનાર સંસ્થા તેમજ વ્યકિતગત દુકાનધારકોને એસએમસી ( સુરત મહાનગરપાલિકા) તરફથી ફકત ગુમાસ્તાધારાનું જ લાઈસન્સ મેળવેલ હોય તેવી કેટલી સંસ્થા કે વ્યકિતઓ છે તેની વિગતવાર માહિતી આપવા વિનંતી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી દફતરી રેકર્ડ ચકાસણી કરવાથી ઉપલબ્ધ થશે જે માટે તા.૨૮–૧૧–૧૧ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રૂમ નં.૬ સુરત મહાનગરપાલિકા, કચેરી મુગલીસરા ખાતે હાજર રહેવા જાણ કરવામાં આવે છે. વધુમાં રાઈટુ ઈન્ફર્મેશન એકટ –૨૦૦૫ ના નિયમ –૮(ગ) અન્વયે દફતરી તપાસ માટેઃ– પ્રથમ અડધા કલાક માટે કોઈ ફી નહી અને પછી પ્રત્યેક અડધા કલાક માટે ફી રૂા.૨૦/– , નોંધ–જયાં દફતર તપાસણીની પધ્ધતિ અને પ્રક્રિયા ફી ના દરો અસ્તિત્વ ધરાવતા હોય ત્યાં તે ફી ના દરો ચાલુ રહેશે" જે મુજબની જોગવાઈ છે. તેવું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી આવી માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે ગુમાસ્તાધારા તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૯–૧૧–૧૧ થી કરેલ અપીલમાં ગુમાસ્તાધારાની નોંધણીનો અધિનિયમ જણાવી અનુરૂપ જવાબ નહીં પાઠવેલ હોવાની રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે તા.૨૮–૧૧–૧૧ ના રોજ ચકાસણી માટે બોલાવ્યા હતા અને કોમ્પ્યુટર ઉપર તપાસ કરતાં આખા શહેર એક અને માત્ર એક જ દુકાનને સુમપા તરફથી કેમીકલ અને પ્રોવિઝન સ્ટોર્સ સાથે વેચી શકાય તે માટે ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. શા માટે સુરત શહેરમાં આ પ્રકારની બીજી સંસ્થાઓ નથી અને સ્થળ તપાસ કરી નથી. તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા તરફથી પૂરક વિગતોમાં કમિ.શ્રીની નોંધ નં.સી.એન/૩૪૪ તા.૧–૨–૦૩ ના મુદ્દા નં.૨૭ અનુસાર ગુમાસ્તાધારા હેઠળ નોંધણી માટે આવતી અરજીઓની સીધી કોમ્પ્યુટર ઉપર એન્ટ્રી કરી નોંધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવા જણાવેલ છે. તેમજ જે તે સંસ્થાની નોંધણી કરતાં પહેલા આરોગ્ય વિભાગ કે ફાયર વિભાગની અનુમતિ લેવાની કાયદામાં કોઈ જોગવાઈ નથી તેવું જણાવેલ છે. વધુમાં કેટલી સંસ્થાઓ હોવા બાબતે અરજદારે ઈન્સ્પેકશન કરી માહિતી મેળવેલ છે. તથા ગુમાસ્તા અને ફુડ વિભાગના તા.૨૯–૧૧–૧૧ ના પત્રથી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૦૨–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ગેરકાયદેસર રીતે ચાલતી દુકાન પર કેમ કાર્યવાહી નથી કરાતી તથા ભાડા કરાર કે મિલ્કત વેરાની વિગતો મેળવ્યા સિવાય કે રૂબરૂમાં સ્થળ નિરીક્ષણ કર્યા વગર ઈસ્યુ કરેલ છે. તથા ખાદ્ય પુરવઠા ફુડ વિભાગનું અભિપ્રાય મેળવ્યા વગર ગુમાસ્તા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રજૂ કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં કમિ.શ્રીની તા.૧–૨–૦૩ ની નોંધ મુજબ અરજીઓની સીધી કોમ્પ્યુટર ઉપર એન્ટ્રી કરી નોંધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવા જણાવેલ છે. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી તા.૦૫–૦૮–૧૧ થી પી.એફ.એ. એકટને બદલે અમલમાં આવેલ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયે જે તે સંસ્થાઓને ખાદ્ય

પદાર્થના વેચાણ/ ઉત્પાદન કે સંગ્રહ માટે લાયસન્સ/ રજીસ્ટ્રેશન કરવાનું રહે છે અને ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી સંસ્થાઓ ધ્વારા અન્ય અખાદ્ય પદાર્થો જેવા કે, સાબુ, પાવડર, એસીડ, ફિનાઈલ વિગેરેનું વેચાણ કરી ન શકાય તેવો કોઈ બાધ હોવાનું ઉલ્લેખ સદર કાયદામાં જણાવવામાં આવેલ હોય તેવું જણાતું નથી. તેવી વિગત અપીલ તબકકે પૂરક વિગતોમાં જણાવેલ છે. પરંતુ અરજદારને તેની વિગતો જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ આંશિક સિવાયની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ છે. મુદ્દા નં.૨ આંશિકની ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે જાહેર માહિતી અધિકારી ફુડ ધ્વારા અરજદારને નહીં જણાવેલ વિવિધ પદાર્થોના સંયુકત વેચાણ અંગેની હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ) ને જણાવવામાં આવે છે. વધુમાં અરજદાર કાર્યવાહીને લગતા પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત/અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તા), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(આરોગ્ય)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી,